GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- ૫૩૮૪ તા.- ૩૧/૦૭/૨૧

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી,
તમામ શાળા,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

<u>વિષય</u> :- Implementing Intensified Diarrhoea Control Fortnight (IDCF) બાબત.

<u>સંદર્ભ</u> :- મહે.નાયબ શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૮૦૦૫-૯૧, તા.૨૯/૦૭/૨૦૨૧.

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા દર વર્ષે રાજયમાં તીવ્ર ઝાડા નિયંત્રણ પખવાડિયા (IDCF) અમલ કરવામાં આવે છે. તેમજ તીવ્ર ઝાડાના કારણે બાળકોના મૃત્યુદર શૂન્ય કરવાનો લક્ષ્યાંક છે તેમ જણાવેલ છે.

ઝાડાને લીધે થતાં મૃત્યુને નિયંત્રણમાં રાખવા માટે (IDCF) દ્વારા આ વર્ષે કોવિડ રોગચાળા દરમ્યાન તા.૧૯ જુલાઇ થી તા. ૨ ઓગસ્ટ ૨૦૨૧ સુધી જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિઓમાં તીવ્ર ઝાડાની રોકથામ અને નિયંત્રણ અંગે જાગૃતિ લાવવાની પ્રવૃત્તિઓ, ઝાડા વ્યવસ્થાપન સેવાની જોગવાઈ, ORS-Zincની સુવિધા, આશા (ASHA) દ્વારા પાંચ વર્ષથી ઓછી વયના બાળકોને ORS આપવામાં આવશે અને સ્વચ્છતા માટેની જાગૃતિ માટેની પ્રવૃત્તિઓ કરવામાં આવશે. (IDCF) અભિયાનને ડિજિટલ પ્લેટફોર્મના ઉપયોગ દ્વારા નીચેની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં જણાવેલ છે.

(૧) ઝાડા અને કોરોના ચેપને રોકવા માટે હાથ ધોવાનું પ્રોત્સાહન આપવું.
(૨) ઝાડાના નિયંત્રણ માટે ORS-Zincના ઉપયોગને પ્રોત્સાહન આપવું.
(૩) ઓનલાઈન વર્ગો દરમિયાન હાથ ધોવાનું પ્રદર્શન યોજવું.
(૪) હાથ ધોવાની અગત્યતા પર ઓનલાઈન ચર્ચા, સ્પર્ધાઓ, નિબંધો વગેરે જેવી ખાસ પ્રવૃત્તિઓ.
(૫) નિયમિત હાથ ધોવા માટે તમામ વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિજ્ઞા લેવી.

આથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરતની પ્રાથમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભિત પત્ર અન્વયે રાજયમાં ઝાડાને કારણે થતાં મૃત્યુને ઘટાડવાના પ્રયત્નોને મજબૂત કરવા જિલ્લા આરોગ્ય વિભાગ સાથે સંકલન કરીને અભિયાનને સફળ બનાવવા માટે નોંધ લેશો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

<u>નકલ રવાના</u> :- પ્રતિ, ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી, તમામ નિરીક્ષકશ્રી તરફ જાણ સારૂં.